# યાત્રા નવ્વાણું કરીએ વિમલગીરી

યાત્રા નવ્વાણું કરીએ વિમલગીરી, યાત્રા નવ્વાણું કરીએ (૪)

પૂર્વ નવ્વાણું વાર શત્રુંજ્ય ગીરી (૨), ઋષભ જીણંદ સમોસરીએ

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

કોડી સહ્સ્ત્ર ભવ પાતક ત્રૂટે (૨), શત્રુંજ્ય સમો ડગ ભરીયે,

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

યાત્રા નવ્વાણું કરીએ વિમલગીરી, યાત્રા નવ્વાણું કરીએ

સાત છઠ દોય અઠમ તપસ્યા (૨), કરી ચઢીએ ગીરીવરીએ

વિમલગીરી, યાત્રા નવ્વાણું કરીએ

પુંડરી ...ક પદ જપીએ મન હરખે (૨), અધ્યવસાય શુભ ધરીએ

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

યાત્રા નવ્વાણું કરીએ વિમલગીરી, યાત્રા નવ્વાણું કરીએ

પાપી અભવ્ય નજરે ન દેખે (૨), હિંસક પર ઉદ્ધરીએ

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

ભૂમિ સંથારો ને નારી તણો સંગ (૨), દૂર થકી પરીહરીએ

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

યાત્રા નવ્વાણું કરીએ વિમલગીરી, યાત્રા નવ્વાણું કરીએ

સચિત્ત પરિહારી ને એકલ આહારી (૨), ગુરુ સાથે પદ ચરિયે

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

પડિક્કમણા દોય વિધિશું કરીએ (૨), પાપ પડલ વિખરીએ

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

યાત્રા નવ્વાણું કરીએ વિમલગીરી, યાત્રા નવ્વાણું કરીએ

કળિકાળે એ તીરથ મોટું (૨), પ્રવહણ જેમ ભર દરિયે

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

ઉત્તમ એ ગિરિવર સેવંતા (૨), પદ્મ કહે ભવ તરીએ

વિમલગીરી યાત્રા નવ્વાણું કરીએ

યાત્રા નવ્વાણું કરીએ વિમલગીરી, યાત્રા નવ્વાણું કરીએ (૨)

2016-03-03 - https://www.youtube.com/watch?v=QR84xyEmkZg